

* આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે. તે બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય તેવી ચીજ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્ય વસ્તુ પડી છે, તેના માહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે તે ગમ્ય થાય ને તેના જન્મ-મરણ ટળે એવી એ ચીજ છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૫ સં. ૨૦૫૨ (૬૨૫) * આત્મધર્મ * (અંક-૫ વર્ષ-૫૨) વીર સં. ૨૫૨૨ નવેમ્બર, ૧૯૯૫

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણ લોકનું રાજ્ય મળતું હોય તોપણ ત્રણ લોકના લાભ કરતાં સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. ત્રણ લોકનું રાજ્ય પામીને પણ અમુક નિશ્ચિતકાળ પછી ત્યાંથી પતન થશે જ. અને સમ્યગ્દર્શનનો લાભ થતાં અવિનાશી મોક્ષ-સુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણ લોકના લાભ કરતાં સમ્યક્ત્વનો લાભ શ્રેષ્ઠ છે. ૪૩૭. (શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૭૪૬-૭૪૭)

* શુદ્ધ ચિદ્રૂપ હું છું, એ સ્મરણ કરતાં બીજું ઉત્તમ સ્મરણ, કદીય, ક્યાંય, કોઈનું પણ, કોઈએય, જોયું નથી, સાંભળ્યું નથી. ૪૩૮.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય–૨, ગાથા–૧૪)

* જિનસૂત્ર અનુસાર ઉપદેશ દેનાર ઉત્તમ વક્તા કદાચ રોષ કરે તોપણ તે ક્ષમાનો ભંડાર છે; અને જે પુરુષ જિનસૂત્રથી વિરુદ્ધ ઉપદેશ આપે છે તેની ક્ષમા પણ રાગાદિક દોષનું તથા મિથ્યાત્વાદિનું ઠેકાણું છે. [—આ ગાથા પં. ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં ઉદ્ધૃત કરી છે, પાનું–૩૦૧] ૪૩૯.

(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાલા, શ્લોક–૧૪)

* હે જીવ! તૂને ભીષણ (ભયંકર) નરકગતિ તથા તિર્યંચગતિમેં ઔર કુદેવ કુમનુષ્યગતિમેં તીવ્ર દુઃખ પાયે હૈં, અતઃ અબ તૂ જિન-ભાવના અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વકી ભાવના ભા, ઇસસે તેરે સંસારકા ભ્રમણ મિટેગા. ૪૪૦. (શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા–૮)

* જેમને આત્માનો અનુભવ થયો નથી તેવા લોકોને ગ્રામ કે અરણ્ય એવા બે પ્રકારના નિવાસસ્થાન છે; પરન્તુ જેમને આત્મસ્વરૂપનો અનુભવ થયો છે તેવા જ્ઞાની પુરુષોને, ચિત્તની વ્યાકુળતા રહિત, રાગાદિ રહિત શુદ્ધ આત્મા જ નિવાસસ્થાન છે. ૪૪૧.

(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા–૭૩)

કહાન સંવત-૧૬
વર્ષ-૫૨
અંક-૫
[ ૬૨૫ ]

વીર સંવત ૨૫૨૨
સં. ૨૦૫૨
NOV.
A.D. 1995




# આત્મધર્મ

**શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર**

---

ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

## ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૨ ]

ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે. પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે, એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય.

—પૂજ્ય ગુરુદેવ

આત્મા જ્ઞાનસ્વભાવી છે, જ્ઞાન તેનો પરમ સ્વભાવભાવ છે, તેની સાથે અનંતા ગુણો રહેલા છે, તેનું ક્રમસર પરિણમન થાય છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરને જાણવાનો છે. પરના કાર્યનું કારણ થવું કે પરના કારણે પોતામાં કાર્ય થવું એ જ્ઞાન સ્વભાવમાં નથી. અનંતા ગુણોનો ક્રમસર પર્યાય જે થવાનો હોય તે જ થાય છે.

આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ અનંતા ગુણો છે. તે દરેકનો પર્યાય નિશ્ચિત છે. દ્રવ્યનો, ગુણનો અને પર્યાયનો ધર્મ એમ જ છે. તે

કેવળીએ જોયું છે માટે નહિ કેવળી ભગવાન જાણનાર છે અને તેમણે જણાવ્યું છે માટે નહિ. તેઓ ક્રમબદ્ધપર્યાયના કર્તા નથી. તેમણે પોતાનો અને દરેક પદાર્થનો સ્વભાવ જેમ છે તેમ જાણ્યો છે અને જણાવ્યો છે.

દરેક દ્રવ્યનો પર્યાય ક્રમબદ્ધ થાય છે. જીવના પરિણામ જે વખતે જે થાય તેનો કરનાર જીવ પણ પોતે છે. બીજો કોઈ તેનો કર્તા નથી. દરેક દ્રવ્ય કર્તાપણે જ્યારે સ્વતંત્રપણે કાર્ય કરશે ત્યારે સર્વજ્ઞ જાણશે એમ છે જ નહિ. કેવળી તો ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણે છે. કેવળી ભગવાને એક સમયમાં બધું જાણ્યું છે ને તેવું જણાવ્યું છે. ધૂમાડો અગ્નિને બતાવે છે, ધૂમાડાએ અગ્નિ કર્યો નથી. તેમ કેવળી ભગવાન છ દ્રવ્યના જેવા પરિણામ થાય તેવા બતાવનાર છે, પણ તેઓ તેના કર્તા નથી. દરેક જીવમાં અનંતા ગુણો છે તેથી એક સમયમાં અનંતા પરિણામો થાય છે. અનંતા પરિણામોનો ક્રમ નિશ્ચિત્ છે. અનંત ગુણોના ક્રમબદ્ધ પરિણામને જ્ઞાને સ્વભાવ સન્મુખ થઈ ને જાણ્યા તે પુરુષાર્થ છે. સાધકને રાગના પરિણામ થાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળે છે તે વખતે શુભરાગ છે. ક્રમબદ્ધથી વિરુદ્ધ કહેનારા કેવળી ભગવાનને તથા સાધકને કે વસ્તુસ્વરૂપને જાણતા નથી. કોઈ કહે કે અન્યમતમાં પણ ક્રમબદ્ધને સમજીને સમકિત થઈ જાય તો? ભાઈ, તેમ કદી બને નહિ. સંયોગો અને રાગને આત્માથી પૃથક્ જાણનારની તાકાત કેવી છે એમ જે જાણતો નથી તે ક્રમબદ્ધ પર્યાયને જાણતો નથી. અજ્ઞાની ગુરુના નિમિત્તે સમ્યગ્દર્શન થઈ જશે અથવા ગમે તે રીતે થશે એમ માનનાર ક્રમબદ્ધ પરિણામને શ્રવણ કરાવનારને, પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવને તથા રાગને સમજતો નથી. સમકિતનો પર્યાય ક્રમબદ્ધ થવાનો હશે તો થઈ જશે, ભલે તે ખોટા દેવાદિને માનતો હોય અથવા એકેંદ્રિયમાં હોય—તો એમ માનનાર જીવ સાચા દેવાદિને અથવા ક્રમબદ્ધને સમજતો નથી. સમ્યગ્દર્શન પર્યાય પરથી ઊપજતો નથી, પણ ક્રમબદ્ધ પર્યાય ઊપજે છે માટે ગમે તેવા નિમિત્તો હોય અને ગમે ત્યાં ઊપજે એમ જે માને તે ખોટો છે; એવો જીવ ઉપદેશ સાંભળવાને પણ લાયક નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય કરવાની તેના જ્ઞાનની તાકાત નથી તો પછી દરેક દ્રવ્યના અનંતા ગુણો સ્વતંત્રપણે ક્રમબદ્ધ કાર્ય કરે તે વાત તેને બેસે નહિ. અન્યમતમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું અને સાત તત્ત્વોનું સ્વરૂપ યથાર્થ છે જ નહિ અને તેથી તેને કદી સમ્યક્ત્વ થાય નહિ.

પોતાના અનંતાગુણોના ક્રમબદ્ધ પરિણામોપણે ઊપજતો થકો જીવ જ છે. એટલે કે તે જ્ઞાતાદૃષ્ટા છે. આવું યથાર્થ જ્ઞાન હોવાથી સાધક જીવને રાગ હોવા છતાં તે રાગના અકર્તાપણે રહે છે. જીવમાં પ્રભુત્વ શક્તિ છે. તે પ્રભુત્વ શક્તિ સહિત પોતાના

અનંતા પરિણામો વડે ઊપજતો, બીજાને નહીં ઉપજાવતો અને બીજાથી નહીં ઊપજતો પોતે જીવ જ છે—એમ સાધક જાણે છે.

પહેલી એ વાત છે કે જીવમાં દરેક પરિણામ તેના કાળે થાય છે. મોતીના હારમાં દરેક મોતી ક્રમસર છે. જો તેનો ક્રમ તૂટી જાય તો દોરો તૂટી જાય અને હાર પણ તૂટી જાય. આમ મોતી, દોરો કે હાર એકે રહેશે નહિ, તેમ ભગવાન આત્મા લટકતો-પરિણમતો અનાદિ અનંત છે, તેના ગુણો દોરા સમાન છે અને જેમ મોતીઓ ક્રમબદ્ધ છે. તેમ અનંત ગુણોના પરિણામ પોતાથી સ્વકાળે ક્રમબદ્ધ ઊપજે છે, તે પરિણામોને આઘા પાછા કરવા જાય તો પર્યાય, ગુણ અને દ્રવ્ય ત્રણે તૂટી જાય એટલે કે ભ્રાંતિ જીવને ઉત્પન્ન થાય. આત્મા રાગ અને નિમિત્તનો જાણનાર છે, તેનો કરનાર નથી. વળી તેના પરિણામો નિમિત્તનું કાર્ય નથી. જીવમાં શ્રદ્ધાનો પર્યાય ક્રમસર થાય છે—એમ સાંભળી તેનું રહસ્ય નહીં જાણનાર સ્વચ્છંદી જીવ કહે છે કે અમોને ગમે તેવું નિમિત્ત હોવા છતાં શ્રદ્ધા થઈ જશે તો તે ખોટો છે. વળી કોઈ કહે કે અમોને સમકિત થયું છે પણ સ્વચ્છંદ રહી ગયો છે, તો તે વાત પણ ખોટી છે. જીવને યથાર્થ શ્રદ્ધા થતાં સ્વચ્છંદ રહે નહિ. વળી તેનું જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે, તેથી તે રાગને જાણે તેમ જ નિમિત્તોને પણ જાણે. સ્વભાવની જાગૃતિપણે ઊપજનારો, રાગના અકર્તાપણે પરિણમે છે. વળી તેનું વીર્ય પણ સ્વ તરફનું કાર્ય કરે છે. વળી તે સમયે તે પ્રકારના વીર્યનો પરિણામ પણ થાય છે. વળી બીજો કહે કે સમકિતના પ્રગટવા સાથે ચારિત્ર તુરત જ પ્રગટ થવું જોઈએ, તો તે પણ ક્રમબદ્ધના નિયમને જાણતો નથી. ક્રમબદ્ધનો નિયમ સહજ સ્વભાવની ઉત્પત્તિ બતાવે છે, અને હઠના પ્રયોગનો નાશ બતાવે છે. સમ્યક્ શ્રદ્ધા થતાં તુરત જ ચારિત્ર થવું જોઈએ—એમ માનનાર ગુણના ક્રમને સમજતો નથી. વળી તે સ્વ-પર પ્રકાશક જ્ઞાનને પણ સમજતો નથી.

વળી, આ ક્રમબદ્ધપર્યાયના નિયમમાં ક્ષણિક ઉપાદાનની વાત છે. દ્રવ્ય-ગુણ-ધ્રુવ-ઉપાદાન છે અને ક્રમબદ્ધપર્યાય ક્ષણિક ઉપાદાન છે. નિમિત્ત આવે તો કાર્ય થાય અથવા હું બીજાને નિમિત્ત થાઉં તો પરમાં કાર્ય થાય એમ માનનાર ક્ષણિક ઉપાદાનને સમજતો નથી. શ્રદ્ધા, જ્ઞાન, આનંદ, વીર્ય આદિ બધા ગુણોની અવસ્થા તેના ક્ષણિક ઉપાદાનના કારણે થાય છે. શ્રદ્ધાનું વીર્ય, જ્ઞાનનું વીર્ય, ચારિત્રનું વીર્ય, વીર્યનું વીર્ય, આનંદનું વીર્ય એકસાથે પોત પોતાની યોગ્યતા મુજબ પ્રગટ થાય છે—એમ સમજવું.

ગઈ કાલે કહ્યાં પ્રમાણે ગોમ્મટસારમાં જે નિયત કહેલ છે તે પુરુષાર્થ વગેરેને નહીં માનનાર એકાંતવાદીનું નિયત છે. અહીં તો નિયત માનતાં તેની સાથે સ્વભાવ, પુરુષાર્થ, કાળલબ્ધિ અને કર્મનો અભાવ—એમ પાંચે સમવાય આવી જાય છે. એ

પ્રમાણે સમ્યક્ નિયતનું ભાન થતાં પોતાના પરિણામમાં એમ આવ્યું કે પોતાના અનંતા ગુણોની નિશ્ચિત ક્રમબદ્ધ પર્યાયો થવાની છે, આગળ પાછળ નથી થવાની. આગળ પાછળ જે માને તેને દ્રવ્ય ને ગુણ તૂટી જશે. સત્યનું લક્ષણ કરીને તે જ્ઞાનને વજ્રની ભીંતની જેમ નક્કી કર. સાધકને રાગ આવે છે છતાં તે શ્રદ્ધા તથા જ્ઞાનનું કાર્ય મુખ્યપણે કરે છે, તેથી રાગ ગૌણ થઈ ગયો છે અને શ્રદ્ધા-જ્ઞાનાદિ ગુણોનું કાર્ય અધિક થઈ ગયું. આ વાત યથાર્થપણે નક્કી કરનાર માટેની છે. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અસ્તિત્વ આદિ ગુણોથી આત્મા પોતે છ કારકરૂપે છે. સ્વતંત્રપણે કરે તે કર્તા છે એવો કર્તાનો અર્થ છે. સાધક જાણે છે કે પોતાના ગુણોનું પરિણમન સ્વતંત્ર કારકપણે થઈ રહ્યું છે. તે રીતે જાણતો હોવાથી તે જ્ઞાયક કહેવાય છે. કેવળી ભગવાન જ્ઞાયક છે, તેથી બધાને જાણે છે તથા વસ્તુસ્વરૂપ યથાર્થપણે તેમની દિવ્યધ્વનિમાં આવે છે, તેથી કેવળી ભગવાન જ્ઞાયક પણ છે, વળી તેઓ પોતાની ક્રમબદ્ધ પર્યાયોના કર્તા છે, તેથી કારક પણ છે.

તેથી એમ સિદ્ધ થયું કે જે કર્મ (કાર્ય) પહેલાં સમયનું છે, તે બીજા સમયે થાય—એમ બને નહિ. તેમ પછીના પરિણામનું સાધન કે આધાર પહેલાના પરિણામ થાય એમ પણ બને નહિ. દ્રવ્ય ધારાવાહીપણે પરિણમે છે. જીવ પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે. આડા-અવળા પરિણામ કરવા કોઈ માગે તો તે ખરેખર જીવ જ નથી. પરિશિષ્ટની ૪૭ શક્તિમાં જીવની જીવત્વ શક્તિ પહેલી કહી છે કેમકે જીવના કારણરૂપ તે જીવત્વ શક્તિ છે, તે જીવત્વ શક્તિ યથાર્થપણે ત્યારે માની કહેવાય કે સમયે સમયે પોતાની યોગ્યતા મુજબ ક્રમબદ્ધ એવી પોતાની પર્યાયરૂપે પરિણમતો જીવ જીવ જ છે એમ તે માનતો હોય. વિષમ બુદ્ધિવાળો પણ આડો અવળો પરિણમતો નથી, તેને પણ ક્રમબદ્ધ તો થાય છે, પણ તે ક્રમબદ્ધને માનતો નથી. તેથી તે જીવ જ નથી. દ્રવ્ય-ગુણ કાયમ રહીને નવી નવી પર્યાય સ્વકાળે ઊપજે છે, પણ એમ તે માનતો નથી. તેથી જે જીવ જ્ઞાતાપણે ન રહ્યો, તે જીવ જ ન રહ્યો. રાગ પર્યાયથી હું ભિન્ન છું એમ તે નહીં માનતો હોવાથી પોતે જીવ જ રહેતો નથી. પાણીના લોઢનો પ્રવાહ ક્રમ આડો અવળો થઈ શકતો નથી. તેમ પોતાની પર્યાયનો પ્રવાહ ક્રમ આડો-અવળો થઈ શકતો નથી-એમ અજ્ઞાની માનતા નથી. મકાનમાં બારી-બારણાં જ્યાં જે પ્રમાણે હોય તે પ્રમાણે ન નાખે તો મકાનની રચના ભ્રષ્ટ થશે, તેમ ભગવાન આત્મા ક્રમબદ્ધ પર્યાયે ઊપજતો જીવ જ છે તેમ ન માને અને આડો-અવળો માને તો જીવ રહેશે નહિ. જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામે ઊપજતો જીવ જ છે, અજીવ નથી.

પર્યાયને વ્યવસ્થિત માનવા જાય તો અજ્ઞાનીએ માનેલી વાત ખોટી પડે છે.

જેને વસ્તુની ખબર નથી તેના શ્રદ્ધા-જ્ઞાન-આચરણ ખોટા છે. જીવ જ્ઞાયક ભાવે છે, તેનો પર્યાય પણ જ્ઞાયક ભાવે પરિણમે છે-એમ જે જાણે છે તે સ્વ-પરને જાણે છે. તેથી શ્રદ્ધાનો અંશ, ચારિત્રનો અંશ, વીર્યનો અંશ આદિ જ્ઞેય તરીકે તેને જણાય છે-આમ જે જાણે તે જીવ છે. આવા જીવને જેણે જાણ્યો તેને જીવતત્ત્વની સાચી શ્રદ્ધા છે-એમ જાણવું. સાત તત્ત્વમાં આને જીવ તત્ત્વ કહે છે. જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર અને વીર્યનો પર્યાય એવો જ ક્રમસર ઊપજે છે-એમ તેનું જ્ઞાન જાણે છે. આ રીતે ક્રમબદ્ધ પર્યાયને જાણે તે જીવ પણ આડું-અવળું કરવા માગે તે જીવ નથી. જ્ઞાનીને જ્ઞાનનો પ્રયત્ન ખસતો નથી. જ્ઞાનીને રાગ છોડવાનો પણ હઠ નથી, તેમ જ પ્રમાદ પણ નથી. વળી તે પ્રમાદને ધીરજમાં ખતવતો નથી અને ધીરજને પ્રમાદમાં ખતવતો નથી. જે પરિણામ થાય તેને જ્ઞાની બરાબર જાણી લે છે.

વળી પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ-એ અજીવ દ્રવ્યો ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતા અજીવ જ છે. પરમાણુનો જે સમયે જે પર્યાય થવાનો તે થવાનો. દરેક દ્રવ્યમાં અનંતાગુણો છે. તે ક્રમબદ્ધ પર્યાયપણે ઊપજે છે. શરીરના અનંતા ગુણો જે રૂપે પરિણમવાના છે તે રૂપે જ પરિણમે છે, તેમાં ફેરફાર નથી. કર્મનો પર્યાય તથા તેનાં સ્થિતિ-અનુભાગ વગેરે ક્રમબદ્ધ છે. તેનો પર્યાય તેના કારણે થાય છે. જીવના કારણે તેના કાર્ય થાય તેમ બનતું નથી. આત્મામાં અકાર્ય-કારણત્વ શક્તિ છે, તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે, તેથી આત્માને પર સાથે કારણ-કાર્ય સંબંધ છે જ નહિ. કર્મબંધન પુદ્ગલના કારણે થાય છે. રાગને લીધે કર્મને થવું પડ્યું એમ છે જ નહિ. એક પરમાણુમાં સ્પર્શ-રસ વગેરેની અવસ્થા તેના કાળે થાય છે. રાગને લીધે કર્મ બંધાય તો શું કર્મનો તે પ્રકારે થવાનો કાળ ન હતો ? ઉદય, ઉદીરણા, સત્તા-બંધ, અપકર્ષણ વગેરેનું કથન જે શાસ્ત્રોમાં આવે છે તે આ નિયમ રાખીને સમજવું જોઈએ. કર્મની અવસ્થા થવાની ન હતી અને રાગને લીધે થઈ એમ છે જ નહિ. આત્માએ પુરુષાર્થ કર્યો માટે કર્મને ઉપશમરૂપ થવું પડ્યું એમ માનનારે જડનો પ્રવાહક્રમ તોડી નાખ્યો એટલે તેનું જ્ઞાન ખોટું થયું. જેવી વાસના કરીએ તેવાં કર્મ વાસનાના કારણે બંધાય એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. જડ અને ચેતનની હારમાળાને તોડી નાખનાર ક્રમબદ્ધને કેવળીને કે પાંચ પદને માનતો નથી. ઇચ્છા મુજબ જે પદાર્થ લેવા માગીએ તે લઈ શકીએ એમ અજ્ઞાની કહે છે, પણ તે વાત ખોટી છે કેમકે પરનો ક્રમ કોઈ ફેરવી શકતું નથી. અજ્ઞાની માત્ર અભિમાન કરે છે. જ્ઞાન ક્રમસર છે, જ્ઞેય ક્રમસર છે. એકને તોડતાં બન્ને તૂટી જાય છે. આત્માથી હાથ ઊંચો-નીચો કરી શકાય છે-એમ માનનાર શરીરની અવસ્થા ક્રમબદ્ધ થાય છે તેને તોડી નાખે છે. એક પરમાણુ પોતાના ગુણોથી ઊપજતું થકું અજીવ છે-એમ ન માને તો તે અજીવ રહેતું નથી એટલે કે તું જીવ રહેતો નથી, તારામાં ભ્રાંતિ છે. [ ક્રમશઃ ]

# રાગાદિને ભિન્ન જાણે તે તેનો અકર્તા બને

| શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન |

( સળંગ પ્રવચન નં. ૩૯ )

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં કર્તાકર્મક્રિયાદ્વારના પાંચમા શ્લોકનું છઠ્ઠું પદ છે. તેમાં જીવ અને પુદ્‌ગલના જુદાં જુદાં સ્વભાવ બતાવ્યા છે.

जीव ग्यानगुन सहित, आपगुन परगुन ज्ञायक ।
आपा परगुन लखै, नांहि पुग्गल इहि लायक ॥
जीवदरव चिद्रूप सहज, पुद्‌गल अचेत जड़ ।
जीव अमूरति मूरतीक पुद्‌गल अंतर बड़ ॥
जब लग न होइ अनुभौ प्रगट,
तब लग मिथ्यामति लसै ।
करतार जीव जड़ करमकौ,
सुबुधि विकास दहु भ्रम नसै ॥ ६ ॥

મૂળ શ્લોકમાં **स्वपरपरिणति** શબ્દ વાપર્યો છે તેનો અર્થ દ્રવ્ય ગુણ પર્યાય અને પરના દ્રવ્ય ગુણ પર્યાયને આત્મા જાણનારો છે એમ કરવો. પરિણતિનો અર્થ માત્ર પર્યાય પૂરતો અહીં ન લેવો. જીવ જ્ઞાનગુણ સહિત છે એટલે પોતાના અને પરના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણી શકે છે પણ પુદ્‌ગલમાં જ્ઞાનગુણ નથી તેથી તે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય કે પરના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણતું નથી. પુદ્‌ગલમાં સ્વ-પરને જાણવાની લાયકાત નથી.

**जीवदरव चिद्रूप सहज**....જીવદ્રવ્ય સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ ચેતન છે અને પુદ્‌ગલ અચેતન છે. જીવદ્રવ્ય અરૂપી છે અને પુદ્‌ગલદ્રવ્ય રૂપી છે. આ રીતે બંનેમાં મોટો તફાવત છે. એ જ રીતે જીવ અને રાગમાં પણ ઘણો તફાવત છે એમ લઈ લેવું.

જ્યાં સુધી જીવ આ બે વચ્ચે ભેદવિજ્ઞાન ન કરે ત્યાં સુધી અજ્ઞાન રહે છે. હું ચૈતન્ય છું અને આ શરીર, કર્મ, રાગાદિ મારાથી ભિન્ન છે એમ જાણીને અનુભવ ન કરે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ-મિથ્યાબુદ્ધિને ધારણ કરે છે. તેથી રાગ મારો છે અને

તેનો હું કર્તા છું એવો મિથ્યા અભિપ્રાય રહ્યા કરે છે. વસ્તુના સ્વભાવમાં રાગ નથી પણ જ્યાં સુધી રાગ, કર્મ અને શરીરથી ભિન્ન આત્માનો અનુભવ ન કરે ત્યાં સુધી તે મિથ્યામતિ જીવ રાગનો કર્તા થયા વગર રહેતો નથી. કારણ કે જેને પોતાથી એકપણે માને તેનો કર્તા તે થાય જ છે. પોતાથી રાગાદિને ભિન્ન જાણે તો તેનો કર્તા ન થાય.

**करतार जीव जड करमको, सुबुधि विकास यहु भ्रम नसै ।** જ્ઞાનનો વિકાસ થતાં, 'રાગ મારું કાર્ય અને તેનો હું કર્તા' એવો ભ્રમ નાશ પામી જાય છે. જ્યાં સુધી રાગ અને આત્માની એકતા માને છે ત્યાં સુધી જ કર્તા થાય છે. બંનેની ભિન્નતા જાણતાં કર્તાબુદ્ધિ છૂટી જાય છે. ભગવાન આત્મા તો જ્ઞાયક છે. અમૂર્તિક ચૈતન્યપ્રકાશમય છે અને શરીર, કર્માદિ તો અચેતન-જડ છે, પુણ્ય-પાપના વિકલ્પમાં ચેતના નથી માટે તે પણ અચેતન છે, તેમાં જ્યાં સુધી એની દૃષ્ટિ પડી છે—એ મારું અસ્તિત્વ છે, એનાથી જુદા પોતાના અસ્તિત્વનું ભાન નથી ત્યાં સુધી એ વિકારનો કર્તા પોતાને માને છે.

આ સિદ્ધાંત જ છે કે જીવ જેને પોતાના માને તેનો કર્તા થયા વિના રહેતો નથી. તેથી જ્યાં સુધી એ પર અને વિકારને પોતાના માને છે ત્યાં સુધી તેનો કર્તા થયા વિના રહેતો નથી. જ્યાં સુધી પ્રગટ આત્માનો અનુભવ કરીને પોતાને બધાંથી જુદો જાણતો નથી, ત્યાં સુધી મિથ્યાબુદ્ધિ રહે જ છે કે હું પર અને રાગનો કર્તા છું. છતાં પરના કાર્ય તો જીવ કરી શકતો જ નથી; રાગનો કર્તા થાય છે.

તું ક્યાં છો ! તું જ્યાં હો તેનો તું કર્તા થાય. તું જો જ્ઞાનમાં હો તો જ્ઞાનનો કર્તા છો અને જો તું રાગમાં હો તો રાગનો કર્તા છો. તું કોણ છો ? ક્યાં છો ? કેમ છો ? એમ પોતાને પૂછતાં હું રાગમાં છું, રાગી છું, શરીરવાળો છું, ધનવાળો છું એમ જવાબ આવતો હોય તો તેનો જ કર્તા થઈશ કેમ કે તારી બુદ્ધિ મિથ્યા છે. હવે જો સુબુદ્ધિનો વિકાસ થતાં વિકાર અને શરીરાદિ તો મારાથી ભિન્ન છે એમ ભાસે, હું તો જ્ઞાયક સ્વરૂપ છું, વિકાર મારું સ્વરૂપ નથી એમ જુદો પડે તો પોતાથી જુદાં સ્વરૂપનો કર્તા પોતે ન થાય. રાગ-દ્વેષ તો મેલ છે અને હું તો નિર્મળ સ્વભાવી છું એમ જાણે તે મેલનો કર્તા ન થાય.

આત્મા પોતાના જાણવા-દેખવાના પરિણામને કરે છે એ પણ ભેદ પાડીને ઉપચારથી કહેવાય છે. પણ જ્યાં સુધી પર્યાયબુદ્ધિ છે, પુણ્ય-પાપ અને રાગાદિ ભાવમાં મારાપણાની બુદ્ધિ છે ત્યાં સુધી તેને કર્તાબુદ્ધિ પણ પડી છે. જ્યાં તેની દૃષ્ટિ વિભાવથી ખસીને સ્વભાવમાં જાય છે ત્યાં વિભાવથી જુદો પડી ગયેલો તે જીવ વિભાવનો કર્તા થતો

નથી. ફક્ત એ રાગને જાણે છે તે જાણવાના પરિણામનો કર્તા પોતે અને એ જ્ઞાન-પરિણામ તેનું કાર્ય છે એવો ઉપચાર લાગુ પડે છે. અભેદમાં ભેદ પાડીને વિચારે તો આ જ્ઞાનપરિણામનું કર્તાપણું છે પણ પરનો કર્તા તો આત્મા ઉપચારથી પણ નથી.

સુબુદ્ધિનો વિકાસ થતાં—ચૈતન્યસ્વભાવનું ભાન થતાં, રાગથી ભિન્ન પડેલું જ્ઞાન, રાગ મારું કાર્ય છે અને હું તેનો કર્તા છું એમ માનતું નથી. રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન એ મારું કાર્ય અને હું તેનો કર્તા એવો ભેદ ઉપચારથી કરવામાં આવે છે. રાગનો હું કર્તા અને રાગ મારું કાર્ય એ તો ઉપચારથી પણ નથી. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થતાં રાગરૂપી અંધકારનો તે કર્તા થતો નથી.

હું પરની દયા પાળી શકું એવી માન્યતા તો મિથ્યાદૃષ્ટિને હોય છે કેમ કે પરના કાર્યનો હું અધિકારી છું એમ માનીને તેને દયાનો ભાવ આવ્યો છે. તેથી એ પરજીવને અને પોતાને એક માને છે. જે દયાના વિકલ્પને પોતાનો માને છે તે જીવ વિકલ્પનો કર્તા થાય છે અને વિકલ્પ મારું કાર્ય છે એમ માને છે. પરજીવને બચાવવાનો ભાવ આવે કે ન મારવાનો ભાવ આવે તે બંને વિકલ્પ છે, તેને પોતાનું સ્વરૂપ માને છે તેનો તે કર્તા થાય છે. પણ જેને રાગથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન થયું છે તે રાગનો કર્તા થતો નથી. કેમ કે તે રાગને પોતાના તત્ત્વથી ભિન્ન તત્ત્વ જાણે છે તેથી તે ભિન્ન તત્ત્વનો કર્તા થતો નથી.

મુમુક્ષુ:—આ વાત હજુ બરાબર બેસતી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી:—વાત બેસતી નથી તો ફરી લઈએ. આત્મા જ્ઞાનસ્વભાવી છે તેથી રાગ આવે છે તે જ સમયે તે રાગની સાથે સંબંધ નહિ કરતાં પોતાના જ્ઞાનમાં રહીને રાગને માત્ર જાણે છે. શેઠીયાઓને પૈસાની વ્યવસ્થાનો રાગ આવે છે ને! પાંચ લાખ મકાનમાં નાખું, દશ લાખ વેપારમાં લગાવું વગેરે...તો એ રાગ આવે છે એ વખતે જ્ઞાન તો એ રાગને જાણે છે. જ્ઞાન તેને કરતું નથી. જ્ઞાન રાગને જાણે છે એ પણ ઉપચારથી છે. જ્ઞાનનો તો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે તેથી સ્વ-પરનું જાણવું સહજ થાય છે. તેમાં આત્માએ પરને જાણ્યું અથવા રાગને જાણ્યો એવો ભેદ પડતો હોવાથી તે પણ વ્યવહાર છે. હું જ્ઞાયક છું અને આ મારા પરિણામ છે એમ ભેદ પડયો માટે તે વ્યવહાર છે અર્થાત્ ઉપચાર છે. 'આત્મા જાણે છે' બસ એ અભેદ છે.

આત્મા જાણનાર હોવાથી સ્વ-પરની પરિણતિને જાણે છે એમ પાઠમાં કહ્યું છે એટલે તેનો અર્થ એ છે કે આત્મા પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે અને પરના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે. પુદ્‌ગલ પોતાને કે પરને જાણતું નથી કેમકે તેનામાં

જાણવાનો ગુણ નથી. રાગ પણ પોતાને કે આત્માને જાણતો નથી માટે તે પણ અચેતન છે.

જગતના જીવોની માન્યતામાં અને આ સત્ય તત્ત્વસ્વરૂપમાં આભ-જમીન જેટલું અંતર છે. લોકો તો દયા પાળવી, દાન કરવું, વ્રત પાળવા, મંદિર બંધાવવા આદિમાં ધર્મ માને છે ત્યારે અહીં કહે છે કે એ બધાં વિકલ્પના કર્તા થનારા મિથ્યાદષ્ટિ છે. જે જાણનાર છે તે જ્ઞાની છે.

વિભાવપરિણતિથી સ્વભાવપરિણતિ ભિન્ન છે. વિભાવપરિણતિ તે આસ્રવતત્ત્વ છે અને આત્મા તો જ્ઞાયકતત્વ છે તે બંનેને એક માને છે ત્યાં સુધી એ અજ્ઞાની છે અને અજ્ઞાનથી તે આસ્રવનો કર્તા થાય છે. પણ જ્યારે સુબુદ્ધિ પ્રગટે છે ત્યારે હું કર્તા અને રાગ મારું કાર્ય એવી ભ્રાંતિ ઉપજતી નથી.

લોકો તો પાલીતાણામાં શેત્રુંજયની છ ગાઉની પ્રદક્ષિણા કરી આવે તેને ધર્મ થયો માને છે અને તેનો લાભ લેવા માટે દહીં-થેપલા, શીખંડ, સાકરના પાણી વગેરે તૈયાર રાખે છે પણ ભાઈ! એમાં તને કે જાત્રા કરનારને કોઈને ધર્મ થવાનો નથી. તેમાં જે શુભ વિકલ્પ આવ્યો તેનો જે કર્તા થાય છે તે પણ, રાગ અને આત્માને એક માનતો હોવાથી, અજ્ઞાની છે. જડના કાર્યને હું કરું એમ માને છે તે તો મૂઢ મિથ્યાદષ્ટિ જ છે પણ એ ઉપરાંત રાગના કાર્યને પોતાનું કાર્ય માનનાર પણ મિથ્યાદષ્ટિ છે એમ અહીં કહેવું છે.

અહા! આવો મનુષ્યદેહ અનંતકાળે મળ્યો છે ભાઈ! આંખ બંધ થતાં વાર નહિ લાગે. આ ભવમાં; 'આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, રાગથી ભિન્ન છે' એમ જો નક્કી ન કર્યું તો ક્યાં ચાલ્યો જઈશ ભાઈ! ચોરાશીના અવતારમાં ક્યાંય તારો પત્તો નહિ લાગે, ત્યાં તને કોઈ મદદ કરવા નહિ આવે. તું તારી ઊલટી દશાના પરિણામનો કર્તા થાય છો ત્યાં તને સુલટો કોણ કરાવે!

શરીરાદિની ક્રિયા તો મારી નથી પણ રાગની ક્રિયા પણ મારી નથી એમ સમજાય ત્યારે ભ્રમ મટે તેવું છે. પણ જીવોને મિથ્યાત્વનાં પાપની ખબર જ નથી. મિથ્યાત્વ જ મોટું પાપ છે. સૂક્ષ્મ મિથ્યાત્વમાં પણ કષાયખાના માંડવાના પાપ કરતાં અનંતગણુ પાપ છે. આ એને ખબર નથી. લોકોને આ વાત બેસતી નથી અને બહારના હો...હા ને ભભકા ગમે છે.

આ પાંચ શ્લોક થયાં હવે છઠ્ઠો શ્લોક અને તેનું પદ લઈએ.

य परिणमति: स कर्ता यः परिणामो भवेतु तत्कर्म ।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया ॥६॥

આ કળશમાં કર્તા, કર્મ અને ક્રિયાનું સ્વરૂપ કહ્યું છે. તેના ઉપરનું બનારસીદાસજીએ રચેલું પદ આ પ્રમાણે છે.

करता परिणामी दरव, करम रूप परिणाम ।
किरिया परजयकी फिरनि, वस्तु एक त्रय नाम ॥७॥

જે કાર્ય કરે તે કર્તા છે, જે કાર્ય થયું તે કર્મ છે અને પર્યાયનું રૂપાન્તર થવું તે ક્રિયા છે. જેમ કે કુંભાર તે કર્તા છે, ઘડો તેનું કાર્ય છે અને માટીના પિંડની પર્યાય પલટીને ઘડારૂપ થઈ તે ક્રિયા છે પણ આ ભેદ અપેક્ષાથી વ્યવહાર કથન છે. અભેદ અપેક્ષાથી માટી જ કર્તા છે, માટી જ ઘડારૂપ થતી હોવાથી કર્મ છે અને માટીની જ અવસ્થા પલટીને ઘડારૂપ થઈ તેથી માટી જ ક્રિયા છે, તેમ જ્યાં સુધી જીવમાં અજ્ઞાનભાવ છે ત્યાં સુધી શુભાશુભભાવનો તે કર્તા છે, એ ભાવ તેનું કાર્ય છે અને તેની જ ક્રિયા છે અને જે જ્ઞાની છે તે રાગનો કર્તા નથી પણ રાગ સંબંધીના પોતાના જ્ઞાનનો કર્તા છે, જ્ઞાન તેનું કાર્ય છે અને જ્ઞાનની ક્રિયા તે જ્ઞાનની છે. ધર્મી શરીરાદિ પરદ્રવ્યનો કે રાગનો કર્તા નથી. ધર્મી તો પોતાના ધર્મ પરિણામના-નિર્મળ પર્યાયના કર્તા છે અને એ પર્યાય તેનું કાર્ય અને ક્રિયા છે.

જ્ઞાનીની દૃષ્ટિ રાગ ઉપરથી ખસી ગઈ છે અને જ્ઞાયક ઉપર દૃષ્ટિ સ્થપાઈ ગઈ છે તેથી તે જ્ઞાયકભાવના પરિણામના કર્તા થાય છે. પુણ્ય-પાપના પરિણામના તે કર્તા નથી પણ જે થાય છે તેને જાણે છે તેથી એ જ્ઞાન જ્ઞાનીનું કાર્ય છે અને જ્ઞાનીની જ એ ક્રિયા છે. ટૂંકમાં જે દ્રવ્યની અવસ્થા થાય છે તે દ્રવ્ય તેનો કર્તા છે અને અવસ્થા તેનું કાર્ય છે. માટી કર્તા છે અને ઘડો કાર્ય છે. અજ્ઞાની જીવ કર્તા અને પુણ્ય-પાપ ભાવ તેનું કાર્ય છે. જ્ઞાની જીવ કર્તા છે અને જ્ઞાનભાવ તેનું કાર્ય છે.

અહીં કહે છે કે તારી દૃષ્ટિ જ્યાં સુધી પુણ્ય-પાપના રાગ ઉપર છે ત્યાં સુધી તને તારા સ્વભાવનો અનાદર છે. જ્યાં જ્ઞાયકભાવનો આદર થશે ત્યાં રાગ થશે પણ તેનો આદર નહિ રહે. લોકોને બિચારાને આ અંતરતત્ત્વનો મારગ સાંભળવા મળતો નથી અને આમ ને આમ જિંદગી ચાલી જાય છે. જેને પુણ્ય-પાપના ભાવની મીઠાશ છે તેને તો જ્ઞાયકભાવનો અનાદર છે પણ જેને જ્ઞાયકભાવનો આદર આવ્યો છે— ચૈતન્યની દૃષ્ટિ થઈ છે તેને પુણ્ય-પાપભાવનો આદર રહેતો નથી.

આ જાત્રાઓ કરે, તપસ્યા કરે, વ્રત પાળે, દાન દે તેને કાંઈક ધર્મ તો થાય ને એમ માનનારા આંધળા છે અને એમ મનાવનારા પણ આંધળા છે. બાપુ ! તારા ઘરમાં જ્ઞાનસ્વભાવ છે, તારા ઘરમાં રાગ નથી માટે રાગથી ધર્મ નહિ થાય.

જ્ઞાની જ્ઞાનના કર્તા છે અને અજ્ઞાની રાગના કર્તા છે. અશુભરાગ મટીને શુભરાગ થાય કે શુભરાગ મટીને અશુભરાગ થાય તે તેની ક્રિયા છે અને જ્ઞાનીને જ્ઞાન, આનંદની દશા હતી તે પલટીને વિશેષ જ્ઞાન-આનંદની દશા થાય છે તે જ્ઞાનીની ક્રિયા છે. એક અવસ્થાથી બીજી અવસ્થારૂપે થવું તેનું નામ જ ક્રિયા છે. આ રીતે કર્તા, કર્મ અને ક્રિયા ત્રણેય નામ એક જ વસ્તુના છે.

વિશેષ:—અહીં અભેદ વિવક્ષાથી કથન છે. દ્રવ્ય પોતાના પરિણામોને કરનાર પોતે છે તેથી તે તેમનો કર્તા છે. તે પરિણામ દ્રવ્યના છે અને તેનાથી અભિન્ન છે તેથી દ્રવ્ય જ કર્મ છે. જેમકે માટીના પરિણામ ઘટરૂપ થયા તે માટીથી અભિન્ન છે માટે માટી કર્તા છે અને માટી જ કર્મ છે, તેમ આત્મામાં અજ્ઞાનભાવે શુભાશુભરાગ થયા તેમાં આત્મા જ પરિણમ્યો છે માટે આત્મા જ વિકારીભાવરૂપ કર્મ છે. અજ્ઞાની તે પરિણામને પોતાથી અભિન્ન માને છે માટે વિકારીભાવ તે જ આત્મા છે અને જ્ઞાનીને જાણવા-દેખવાના પરિણામ થાય છે તેનાથી તે અભિન્ન છે માટે જ્ઞાની જ જ્ઞાનરૂપે પરિણમતાં હોવાથી જ્ઞાન જ કર્મ છે. કર્તા અને કર્મ એક જ દ્રવ્યમાં છે. અભિન્ન છે માટે તે દ્રવ્ય જ કર્તા છે અને દ્રવ્ય જ કર્મ છે.

આ બધી ધીરજથી સમજવા જેવી વાત છે.

દ્રવ્ય એક અવસ્થાથી બીજી અવસ્થારૂપે થાય છે અને પોતાની બધી અવસ્થાથી અભિન્ન રહે છે માટે દ્રવ્ય જ ક્રિયા છે. ભગવાન આત્મા શરીરની અવસ્થારૂપે થતો નથી. શરીરની દરેક અવસ્થામાં તેના પરમાણુ પરિણમી રહ્યાં છે માટે પરમાણુ જ ક્રિયા છે અને આત્માની દરેક અવસ્થામાં આત્મા પરિણમે છે માટે તે અવસ્થા આત્મા જ છે. આનંદની અવસ્થા-ક્રિયામાં આત્મા પરિણમે છે માટે આનંદ તે આત્મા છે અને વિશેષ આનંદરૂપે પરિણમે છે તે પણ આત્માની ક્રિયા હોવાથી આત્મા જ છે.

આવી વાત કદી સાંભળી છે...ભાઈ!

...ભાઈ:—ક્યાંથી સાંભળી હોય સાહેબ !

અરે ! જીવોને સાચી વાત સાંભળવા મળી નથી, ઊંધે રસ્તે ચાલ્યા જાય છે અને ધર્મ થયો માને છે એને ભવના કિનારા કે'દી આવે ! વીતરાગના મારગની વાતો મોંઘી છે બાપા ! દુનિયા સાથે તેનો ક્યાંય મેળ ખાય તેમ નથી.

ટૂંકામાં, ભાવ એ છે કે દ્રવ્ય જ કર્તા છે, દ્રવ્ય જ કર્મ છે અને દ્રવ્ય જ ક્રિયા છે. વસ્તુ એક જ છે, નામ ત્રણ છે. શરીરની અવસ્થા શરીરના પરમાણુથી થાય છે, આત્મા તેનો બિલકુલ કર્તા નથી. એ જ રીતે અજ્ઞાનભાવે રાગ થાય છે તેનો કર્તા તે અજ્ઞાની આત્મા જ છે, રાગરૂપ કર્મ પણ આત્મા છે અને એક રાગ પલટીને બીજા રાગરૂપ થવાની ક્રિયા પણ આત્માની હોવાથી આત્મા જ છે એક પર્યાય પલટીને બીજી પર્યાય થઈ માટે કાંઈ દ્રવ્ય પલટી ગયું નથી. એનું એ જ દ્રવ્ય બીજી અવસ્થારૂપે પરિણમ્યું છે એમ કહેવું છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામરૂપે આત્મા પરિણમે છે માટે તે આત્મા જ છે-બીજું દ્રવ્ય નથી.

પુણ્ય-પાપના શુભાશુભભાવ થવા તે કાંઈ તારું સ્વરૂપ નથી પણ હોંશથી તે ભાવનો કર્તા થઈને તારું કર્મ માને છે તેમાં તારા સ્વરૂપનો અનાદર થાય છે, ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાનંદ પરમાત્માનો અનાદર થાય છે. સમજાણું કાંઈ!

वस्तु एक त्रय नाम— કરનારો તે કર્તા, કાર્ય તે કર્મ અને અવસ્થાનું પલટવું તે ક્રિયા એમ નામ તો ત્રણ પડ્યા છે પણ વસ્તુ ત્રણ નથી. એક જ વસ્તુના ત્રણ નામ છે.

આ છઠ્ઠા કળશનો અર્થ થયો હવે ૭મો કળશ:—

> एकः परिणमति सदा, परिणामो जायते सदैकस्य ।
> एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः ॥ ७ ॥

આ કળશમાં કર્તા, કર્મ અને ક્રિયાનું એકત્વ બતાવે છે.

> करता करम क्रिया करै, क्रिया करम करतार ।
> नाम-भेद बहु विधि भयौ, वस्तु एक निराधार ॥ ८ ॥

અર્થ :—કર્મ અને ક્રિયાનો કરનારો કર્તા છે અને કર્મ પણ કર્તા અને ક્રિયારૂપ છે તેથી નામના ભેદથી એક જ વસ્તુ કેટલાયરૂપ થાય છે. એક દ્રવ્યના કાર્યનો કર્તા બીજો નથી. ઘડાનો કર્તા કુંભાર નથી. ઘડો થવાના કાળે માટી જ ઘડારૂપે સ્વયં પરિણમે છે ત્યારે કુંભાર તો માત્ર નિમિત્ત છે. દાળ, ભાત, શાક, રોટલી તે પરમાણુથી સ્વયં થાય થાય છે. તેનો કર્તા બાઈ કે અગ્નિ આદિ નથી. એક એક રજકણ સ્વયં બફાઈને તૈયાર થાય છે તેમાં પાણી કે અગ્નિનું કારણ નથી.

પ્રવચનસારના જ્ઞાન અધિકારમાં 'સ્વયંભૂ'ની ગાથામાં બધું સ્પષ્ટ કર્યું છે કે જે જે પરિણામ થાય છે તે-તે રૂપે વસ્તુ સ્વયં પરિણમે છે. માટે આત્માના દરેક પરિણામનો કર્તા આત્મા હોવાથી આત્મા જ કર્મ અને ક્રિયા છે. [ ક્રમશઃ ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

धम्मविहीणो जीवो कुणइ असक्कं पि साहसं जइ वि ।
तो ण वि पावदि इट्ठं सुट्ठु अणिट्ठं परं लहदि ॥ ४३६ ॥

અર્થ:—ધર્મ રહિત જીવ જોકે મોટું, બીજાથી ન થઈ શકે તેવું, સાહસિક પરાક્રમ કરે તોપણ તેને ઇષ્ટવસ્તુની પ્રાપ્તિ થતી નથી પણ ઊલટો માત્ર અતિશય અનિષ્ટને પ્રાપ્ત થાય છે.

ઉપર કહેલાં દશ લક્ષણ ધર્મની જેને ખબર નથી, પ્રતીત નથી તે ધર્મ રહિત જીવ વ્રત-તપાદિ કરે પણ એના આત્માને કાંઈ લાભ નથી. આત્મા ચિદાનંદ, વિકાર રહિત શરીરાદિથી પર છે એનું જેને ભાન નથી એ જીવ શરીરના ખંડખંડ જેટલા ટુકડા કરી નાખે છતાં ક્રોધ ન કરે તોપણ એની મુક્તિ થતી નથી. ચૈત્ર મહિનાના તડકામાં ભૂખ્યો-તરસ્યો ઊભો રહે પણ આત્માના ભાન વિના એને શાંતિ મળતી નથી. વીતરાગમાર્ગમાં દશ પ્રકારના ધર્મ કહ્યા છે એ ધર્મ જેને નથી તેની મુક્તિ થતી નથી.

આત્મા જ્ઞાનસ્વભાવી છે અને વિભાવ રહિત છે એવી દૃષ્ટિના અભાવમાં શરીરને કૃશ કરે તોપણ આત્માનું કલ્યાણ થતું નથી કેમકે જેમાંથી કલ્યાણ થાય છે અને જે કલ્યાણસ્વરૂપ છે એને તે જાણતો નથી. એકલી બહારની ક્રિયાથી ધર્મ માન્યો તેને શાંતિ મળતી નથી, તેને આકુળ-વ્યાકુળ પરિણામ થયા વગર રહેતા નથી. ઉપવાસ કરે અને પછી તરસ લાગી હોય, ગરમી સહન કરી ન શકે અને સંથારો કર્યો હોય તે એકલા આર્તધ્યાનરૂપ પરિણામ કરીને મરણ પામે છે કેમકે આત્મા શાંત સ્વરૂપ છે એની એને ખબર નથી. વળી તે અજ્ઞાનપૂર્વક હઠાગ્રહથી તપ કરે છે તેથી એને આત્માના ધર્મનો તો લાભ થતો નથી પણ આર્તધ્યાન કરે છે તેથી ઊલટો પાપભાવ હોય છે અને કદાચ કોઈ જીવ શુભ પરિણામ કરે તો પુણ્ય બંધાય પણ આત્માનું ભાન નથી તેથી એની પણ મુક્તિ થતી નથી, સ્વભાવની શાંતિ જેને નથી એને તપમાં અનાદર બુદ્ધિ થાય છે અને તે ચારગતિમાં પરિભ્રમણ કરે છે.

આ બાર ભાવનાના અધિકારની છેલ્લી ગાથા હવે કહે છે.

इय पच्चक्खं पिच्छिय धम्माहम्माण विविहमाहप्पं ।
धम्मं आयरह सया पावं दूरेण परिहरह ॥ ४३७ ॥

અર્થ:—હે પ્રાણી ! આ પ્રમાણે ધર્મ તથા અધર્મનું અનેક પ્રકારનું માહાત્મ્ય પ્રત્યક્ષ જોઈને તમે ધર્મનું આચરણ કરો તથા પાપને દૂરથી જ છોડો !

ધર્મનું અનેક પ્રકારનું માહાત્મ્ય બતાવ્યું અને અધર્મનું પણ અનેક પ્રકારથી માહાત્મ્ય બતાવ્યું તે બન્નેને જેમ છે તેમ જાણીને ધર્મને ગ્રહણ કરવો અને અધર્મને છોડવો. અહીં તો ધર્મ અને અધર્મ બન્ને પ્રત્યક્ષ છે એમ કહેલ છે.

ભાવાર્થ:—દશ પ્રકારથી ધર્મનું સ્વરૂપ કહી આચાર્યદેવે અધર્મનું ફળ પણ બતાવ્યું અને હવે અહીં આ ઉપદેશ આપ્યો કે હે પ્રાણી ! ધર્મ-અધર્મનું પ્રત્યક્ષ ફળ જોઈને તમે ધર્મનો આદર કરો તથા પાપને છોડો.

ધર્મનું ફળ તો પ્રત્યક્ષ શાંતિ અને સમાધાન છે અને અધર્મનું ફળ પ્રત્યક્ષ અશાંતિ અને દુઃખ છે. ધર્મી નામ ધરાવીને એમ માને કે અમો ધર્મી છીએ માટે અમારો આદર થવો જોઈએ એમ અનેક પ્રકારે અશાંતિ વેદ્યા કરે છે. આત્માની ખબર નથી એટલે ખરેખર એને શાંતિ મળતી નથી. ધર્મી બહારમાં કોઈનો વાંક કાઢતા નથી. હું સહન કરી શકતો નથી એ જ મારો વાંક છે એમ તે જાણે છે. જ્ઞાતા-દૃષ્ટાપણે રહીને સહન કરવું તે મારું કર્તવ્ય છે. વૃત્તિ ઊઠે તે જ અપરાધ છે તેને જ ધર્મી હિંસા ગણે છે એમ જાણીને તે ધર્મનો જ આદર કરે છે, અધર્મનો આદર કરતો નથી એટલે કે અધર્મને થવા દેતો નથી.

આચાર્યદેવ મહાન અકારણ ઉપકારી છે. પોતાને કાંઈ જોઈતું નથી. નિઃસ્પૃહ થયા થકા જીવોના કલ્યાણ અર્થે જ વારંવાર કહી પ્રાણીઓને જગાડે છે. એવા શ્રી ગુરુ વંદન પૂજન યોગ્ય છે. મુનિ નિઃસ્પૃહી હોય છે. એમને કાંઈ લેવું નથી. તેથી પરની દરકાર એમને હોતી નથી. માત્ર કરુણાબુદ્ધિથી ઉપદેશ આપે છે કે તમો ધર્મને ઓળખો. વારંવાર કહે છે કે ચેતો ચેતો. આ સ્વામીકાર્તિકના શ્રીમદ્ રાજચન્દ્રે પણ વખાણ કર્યાં છે; તેઓ મુનિનું સ્વરૂપ આવું વર્ણવે છે. દશ લક્ષણ ધર્મ, સાધુ ધર્મ કે યતિ ધર્મ કહો તે એક જ છે. જે શુદ્ધતાનો યત્ન કરે તે યતિ છે. વિકાર કે પુણ્યનો યત્ન કરે તે યતિ નથી. એ રીતે મુનિધર્મનું વર્ણન કર્યું.

મુનિ-શ્રાવકના ભેદથી; ધર્મ બે પરકાર;
તેને સુણી ચિંતવો સતત, ગ્રહી પામો ભવપાર.

ધર્મ બે પ્રકારના છે—એક મુનિધર્મ છે અને બીજો શ્રાવક ધર્મ છે. મુનિ-ધર્મ ન પાળી શકે તેણે શ્રાવકધર્મ પાળવો પણ મુનિ નામ ધરાવીને મુનિધર્મ ન પાળે તો એ પાપ છે. માટે આ ધર્મના સ્વરૂપને જાણીને શ્રાવક અથવા મુનિધર્મને ગ્રહણ કરો અને એ ધર્મ પાળીને તુરત મુક્તિને પ્રાપ્ત કરો. આ રીતે બાર ભાવનામાં આ છેલ્લી ધર્મ ભાવનાનો અધિકાર પૂર્ણ કર્યો.

આ ગ્રંથ બાર ભાવનાનો હોવા છતાં કાર્તિકેયસ્વામી એમાં બાર પ્રકારના તપનું સ્વરૂપ બતાવે છે. આત્માના ભાવપૂર્વક આ બાર પ્રકારના તપ હોય છે તે તપનું વર્ણન કરે છે.

આગળ ધર્માનુપ્રેક્ષાની ચૂલિકા કહેતાં થકા આચાર્યદેવ બાર પ્રકારના તપના વિધાનનું નિરૂપણ કરે છે.

बारसभेओ भणिओ णिज्जरहेऊ तवो समासेण ।
तस्स पयारा एदे भणिज्जमाणा मुणेयव्वा ॥ ४३८ ॥

અર્થ:—જિનાગમમાં બાર પ્રકારનું તપ સંક્ષેપમાં કહ્યું છે. કેવું છે તપ? કર્મનિર્જરાનું કારણ છે. તેના બાર પ્રકાર આગળ કહીશું તે જાણવા.

સર્વજ્ઞ વીતરાગના દિવ્યધ્વનિમાં બાર પ્રકારના તપનું વર્ણન આવ્યું છે એવા તપથી નિર્જરા થાય છે, લોકો તો આહાર ન લેવાથી નિર્જરા થાય એમ માને છે પણ તે બરાબર નથી. આત્મસન્મુખ પરિણામ થતાં આહારની વૃત્તિ જ થતી નથી એ નિર્જરા છે. ત્રણ પ્રકારે નિર્જરા છે. (૧) આત્મામાં શુદ્ધિની વૃદ્ધિ થવી, (૨) અશુદ્ધતાનો નાશ અને (૩) જડકર્મનું ખરવું. કર્મનું ખરવું તે દ્રવ્યનિર્જરા છે અને અશુદ્ધતાનો નાશ થવો તથા શુદ્ધિની વૃદ્ધિ થવી તે ભાવનિર્જરા છે. આત્મા કર્મને છોડતો નથી પણ સ્વરૂપમાં લીન થતાં અશુદ્ધતા થતી નથી ત્યારે કર્મો એના કારણે છૂટી જાય છે. આવી તપની વ્યાખ્યા છે તે લોકો સમજતા નથી. અત્યારે લોકો જેને તપ માને છે એવા તપ તો અભવીએ અનંતીવાર કર્યા છે પણ આત્મામાં પ્રતપન થઈને શુદ્ધતા પ્રગટ કરી નથી તેથી એને તપ થયો નથી.

હવે અનશન તપની વ્યાખ્યા કરે છે.

उवसमणो अक्खाणं उववासो वण्णिदो मुणिंदेहिं ।
तह्मा भुंजंता वि य जिदिंदिया होंति उपवासा ॥ ४३९ ॥

અર્થ:—ઇન્દ્રિયોનો ઉપવાસ અર્થાત્ તેમને વિષયોમાં ન જવા દેવી તથા મનને

પોતાના આત્મસ્વરૂપમાં જોડવું તેને મુનીન્દ્રોએ ઉપવાસ કહ્યો છે. એટલા માટે જિતેન્દ્રિય પુરુષને આહાર કરતો છતાં પણ ઉપવાસસહિત જ કહ્યો છે.

આત્મા અતીન્દ્રિય છે તેમાં એકાગ્ર થતાં ઇન્દ્રિયો તરફનું લક્ષ છૂટી જવું તેને અહીં ઇન્દ્રિયોનો ઉપવાસ કહે છે. દ્રવ્ય ઇન્દ્રિયો તો આત્મામાં નથી પણ ભાવેન્દ્રિય જે ખંડ ખંડ છે એનું લક્ષ પણ છૂટી જવું અને ઇન્દ્રિયોના નિમિત્તે થતાં શુભાશુભભાવોને આત્માના લક્ષે ઉત્પન્ન થવા ન દેવા એને અહીં ઇન્દ્રિયોના વિષયોને છોડયા કહેવાય છે. તીર્થંકરના વજીર ગણધરદેવે આવા શુદ્ધ પરિણામને ઉપવાસ કહ્યો છે. મુનિ આત્મામાં એકાગ્ર હોય છે તેથી તેમને શુભાશુભવૃત્તિ થતી નથી તે મુનિ આહાર કરતી વખતે પણ ઉપવાસી છે એમ કહેવાય છે. (ક્રમશઃ)

## □ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે □

જ્ઞાયકભાવ છે તે શુભાશુભ ભાવરૂપે થયો જ નથી. શુભાશુભ ભાવ એ તો અચેતન છે, જડ છે, તે રૂપે થાય તો જ્ઞાયકભાવ જડ થઈ જાય. આત્મા ચૈતન્ય જ્ઞાયકભાવરૂપે હોવાથી શુભાશુભ ભાવરૂપે થતો નથી, તેથી અપ્રમત્ત-પ્રમત્તના ભેદો તે જ્ઞાયકભાવમાં નથી. જ્ઞાયકભાવ તો એક ચૈતન્યરસરૂપે જ રહ્યો છે, શુભાશુભ ભાવના અચેતનરસરૂપે થયો જ નથી. જ્ઞાયકભાવ ચૈતન્યના પૂરનો ધ્રુવ પ્રવાહ છે, એ જ દૃષ્ટિનો વિષય છે. તેમાં પુણ્ય-પાપના ભાવ છે જ નહિ, અપ્રમત્ત-પ્રમત્ત ગુણસ્થાનના ભેદ કે પર્યાયભેદ તેમાં નથી. પણ એ તને જણાય ક્યારે ?—કે તું પરદ્રવ્યના ભાવથી ભિન્ન પડી જ્ઞાયકભાવ સન્મુખ થા ત્યારે શુદ્ધતાનો અનુભવ થાય ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે એમ ખરેખર જાણ્યું છે. તારી પર્યાયમાં ચૈતન્ય જ્ઞાયકભાવનો આદર થાય, સેવા થાય, સન્માન થાય, ચમત્કારીકતા લાગે, અધિકતા આવે ત્યારે પરદ્રવ્યનો સત્કાર, સન્માન, આદર, ચમત્કારીકતા છૂટી જાય અને ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે તેમ જાણવામાં આવે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# નિશ્ચયથી શીલ, સંયમ, તપ આદિ આત્મા જ છે

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૬૧ )

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો પ્રથમ અધિકાર ચાલે છે, તેમાં ૯૧ ગાથા પૂરી થઈ. હવે ૯૨મી ગાથામાં યોગીન્દ્રદેવ આત્માના ચેતનભાવનું વર્ણન કરે છે.

पुण्णु वि पाउ वि कालु णहु धम्माधम्मु वि काउ ।
एक्कु वि अप्पा होइ णवि मेल्लिवि चेयण-भाउ ॥ ९२ ॥

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલો આત્મા તે ચેતનભાવ છે, એ સિવાય બીજો કોઈ ચેતનભાવ નથી તે આ ગાથામાં સિદ્ધ કરવું છે. ચૈતન્યભાવ તે જ આત્મા છે.

ગાથાર્થ:—પુણ્યરૂપ શુભકર્મ, પાપરૂપ અશુભ કર્મ, અતીત, અનાગત અને વર્તમાનકાળ, આકાશ, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, શરીર આમાંથી એક પણ દ્રવ્ય જીવદ્રવ્ય નથી. એક ચેતનભાવ જ પોતાનો—આત્માનો ભાવ છે.

પુણ્યરૂપ શુભકર્મ એટલે શાતાવેદનીયરૂપે પરિણમેલું કર્મ અને પાપ એટલે અશાતા વેદનીયરૂપે પરિણમેલું જડકર્મ છે તે આત્મભાવ નથી, એ તો પુદ્ગલની પર્યાય છે. તે જીવનું દ્રવ્ય નથી, જીવનો ગુણ નથી અને જીવની પર્યાય નથી.

કાળના ત્રણ ભેદ—અતીત એટલે ભૂતકાળ, અનાગત એટલે ભવિષ્યકાળ અને વર્તમાનકાળ એ ત્રણેયમાંથી કોઈ જીવનો ભાવ નથી. એ જ રીતે આકાશદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને શરીરાદિમાંથી કોઈ પણ ભાવ આત્માનો ભાવ નથી. એક ચેતનભાવ જ જીવનો પોતાનો ભાવ છે.

ભાવાર્થ:—વ્યવહારનયથી જોકે પુણ્ય-પાપાદિ આત્માથી અભિન્ન છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી ભિન્ન છે અને ત્યાગવાયોગ્ય છે. તે પરભાવોને મિથ્યાત્વ રાગાદિરૂપે પરિણત થયેલો બહિરાત્મા પોતાના ભાવ માને છે પરંતુ તે જ ભાવોને પુણ્ય-પાપાદિ સંકલ્પ-વિકલ્પરહિત નિજ શુદ્ધાત્મદ્રવ્યમાં સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન ચારિત્રરૂપ અભેદરત્નત્રય સ્વરૂપ પરમસમાધિમાં સ્થિત સમ્યગ્દષ્ટિજીવ શુદ્ધાત્માથી જુદાં માને છે.

વ્યવહારનયથી પુણ્ય-પાપાદિ કર્મને જીવના કહેવાય છે કારણ કે તેની સાથે

જીવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેથી વ્યવહારથી પુણ્ય-પાપકર્મ જીવના છે એમ ઉપચાર કરવામાં આવે છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી જ્ઞાનાનંદસ્વભાવ આત્માને જોતાં તેમાં એ પુણ્યપાપાદિભાવ નથી માટે તે ભાવ આત્માથી જુદાં છે. તે પરભાવ છે માટે ત્યાગવા યોગ્ય છે.

આકાશ, ધર્મ, અધર્મ, કાળ, શરીર, પુણ્ય-પાપકર્મ અને શુભ-અશુભભાવ એ બધાં ભાવ ખરેખર પરભાવ છે. આત્માના ભાવ નથી. પણ મિથ્યાત્વ અને રાગાદિરૂપે પરિણત થયેલો બહિરાત્મા તે ભાવોને પોતાના ભાવ માને છે. બહિરબુદ્ધિવાળો બહિરાત્મા બહિરભાવોને પોતાના માને છે. એ એમ માને છે કે શરીર અને રાગાદિ મારા છે અને શરીરની ક્રિયા કરવાથી મને ધર્મ થશે પણ જ્યાં રાગથી પણ ધર્મ થતો નથી તો શરીરથી આત્માનો ધર્મ કેમ થાય? અસત્યદૃષ્ટિવાળા મિથ્યાદૃષ્ટિ જ પરભાવોને પોતાના માને છે. શુભાશુભ સંકલ્પ-વિકલ્પરહિત નિજશુદ્ધાત્મદ્રવ્યમાં તેની શ્રદ્ધાના પરિણામ થાય તે ચૈતન્યના ભાવ છે. તેને પોતાના માને છે તે સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ અન્ય કોઈ પરભાવને પોતાના માનતો નથી.

ભગવાન શુદ્ધાત્મદ્રવ્ય ત્રિકાળ ધ્રુવ છે તે તો અનંત ચૈતન્યરત્નાકરથી ભરેલો ભગવાન છે. અનંત જીવતર શક્તિ, જ્ઞાનશક્તિ, સુખશક્તિ આદિ ચૈતન્યરત્નાકરથી ભરેલા ભગવાનની શ્રદ્ધા એવા શુદ્ધાત્માનું જ્ઞાન અને તેનું ચારિત્ર તે રત્નત્રય છે. રાગરહિત શુદ્ધાત્માની શ્રદ્ધા, રાગરહિત શુદ્ધાત્માનું જ્ઞાન અને રાગરહિત શુદ્ધાત્મામાં સ્થિરતારૂપ ચારિત્ર એવી અભેદરત્નત્રયરૂપ સમાધિમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિ જીવ રાગાદિ સર્વ પરભાવોને પોતાના શુદ્ધાત્માથી જુદા જાણે છે.

સંકલ્પ, વિકલ્પ, પુણ્ય-પાપાદિ ભાવકર્મ એ શુદ્ધાત્માની પર્યાય નથી. આત્મા તો અનંત અનંત જ્ઞાન, આનંદ આદિ રત્નાકરથી ભરેલો ભગવાન છે. તેના સ્વરૂપનું આ કથન છે. ચૈતન્યરત્નાકરની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં સ્થિરતા તે આત્માના પરિણામ છે. આ સમજાય તેવી વાત છે, કોઈ અઘરી વાત નથી. આવા શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાના નિર્મળ પરિણામે પરિણમેલો આત્મા સંકલ્પ, વિકલ્પ આદિને પોતાના માનતો નથી. કારણ કે તે તો વિકારીદશા છે. આત્માના દ્રવ્ય, ગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ જે શુદ્ધ થાય તે આત્માની પર્યાય છે. સંકલ્પ-વિકલ્પાદિની વિકારી પર્યાયને ધર્મી પોતાની માનતા નથી. સંકલ્પ-વિકલ્પાદિને પોતાના માનવા અને પોતાની નિર્મળતાને ભૂલી જવી તે જ મિથ્યાદૃષ્ટિ છે.

ચૈતન્યભાવ તે આત્મા છે એમ અહીં સિદ્ધ કરવું છે. પુણ્ય-પાપાદિ સંકલ્પ-વિકલ્પ તે ચૈતન્યભાવ નથી, અચેતન છે પણ એ ક્યારે જણાય! કે જ્યારે પોતાના

સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાની પર્યાય પ્રગટ થાય ત્યારે સંકલ્પ વિકલ્પાદિની પર્યાય મારાથી ભિન્ન છે એમ જણાય છે. સંકલ્પ વિકલ્પાદિ થોડા હોય છે પણ તે મારાથી ભિન્ન છે એમ જણાય છે.

આ ૯૨મી ગાથા થઈ...તે ન સમજાઈ હોય તો ફરી ટૂંકમાં લઈ લઈએ. બહુ સીધી વાત છે.

આત્મા એક વસ્તુ છે, મહાનગુણનો પિંડ છે, તે એક એક ગુણનું અનંત સામર્થ્ય છે એવા અનંત સામર્થ્યનું એકરૂપ તે શુદ્ધાત્મા છે, તેની પર્યાયમાં નિર્મળતા હોય તે તેની પર્યાય છે, તેને બદલે પર્યાયમાં પરને અને પુણ્ય, પાપ, રાગ, દ્વેષને પોતાના માને છે તે બહિરાત્મા છે. વિકારી પરિણામ જીવના કેમ હોય! જીવના પરિણામ તો નિર્મળ હોય. પણ આ કોણ માની શકે? કે જે નિર્મળ પરિણામે પરિણમ્યા છે એવા અંતરાત્મા જ વિકારી પરિણામને પોતાથી ભિન્ન જાણે છે કેમકે તે તેનાથી ભિન્ન પડીને આત્માના શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતામાં પરિણમ્યા છે. તેથી સંકલ્પ-વિકલ્પ હોવા છતાં તેને ભિન્ન જાણે છે પણ જે માત્ર વાતો કરે છે તે વાતો જ છે. વાતો તો જડના ખાતામાં જાય છે. સંકલ્પ-વિકલ્પને પણ જડ કહ્યાં છે તો વાણી તો જડ છે જ. માટે આ વાતો કરનારાની વાત નથી. આ તો શ્રદ્ધા, જ્ઞાનરૂપે પરિણમેલા અંતરાત્માની વાત છે.

આમ, બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મારૂપ ત્રણ પ્રકારના આત્માનું જેમાં કથન છે એવા પ્રથમ અધિકારમાં મિથ્યાદૃષ્ટિની ભાવનાથી રહિત જે સમ્યદૃષ્ટિની ભાવના, તેની મુખ્યતાથી આઠ દોહાસૂત્ર કહ્યાં. હવે આગળ ભેદવિજ્ઞાનની મુખ્યતાથી 'अप्पा संजमु' ઇત્યાદિ એકત્રીશ દોહાપર્યંત ક્ષેપક-સૂત્રોને છોડીને પહેલો અધિકાર પૂર્ણ કરતા થકા વ્યાખ્યાન કરે છે. તેમાં શિષ્યે પ્રશ્ન કર્યો કે જો આત્મા પુણ્ય-પાપાદિરૂપ નથી તો આત્મા કેવો છે? આ પ્રશ્નનું ગુરુ સમાધાન કરે છે.

अप्पा संजमु सीलु तउ अप्पा दंसणु णाणु ।
अप्पा सासय-मोक्ख-पउ जाणतउ अप्पाणु ॥ ९३ ॥

શિષ્યને એમ થાય છે કે આ દેહ, વાણી, મન, પુણ્ય, પાપ આદિ તો આત્મા નથી એમ ગુરુએ કહ્યું તો પછી આત્મા કોણ છે અને કેવો છે? તે પ્રભુ! મને સમજાવો.

શબ્દાર્થ:—નિજ ગુણ-પર્યાયનો ધારક જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ જ સંયમ છે, શીલ છે, તપ છે, આત્મા દર્શન-જ્ઞાન છે અને પોતાને જાણતો અનુભવતો આત્મા જ અવિનાશી સુખનું સ્થાન મોક્ષનો માર્ગ છે.

આત્મા અનંતગુણનું એકરૂપ છે. શ્રદ્ધા, જ્ઞાન, આનંદ આદિ અનંતગુણ અને શ્રદ્ધાનું નિર્મળ પરિણમન, જ્ઞાનનું નિર્મળ પરિણમન આદિ અનંત પર્યાયનો ધારક જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ જ આત્મા છે. નિર્મળ પર્યાયે પરિણમન થવું તે જ સંયમ છે, તે જ શીલ છે અને તે જ તપ છે. ચક્રવર્તીના નિધાન ખૂટે પણ આત્માના નિધાન ખૂટે તેવા નથી.

ભગવાન આત્મા શ્રદ્ધા, જ્ઞાન આદિ ગુણોના નિર્મળ પરિણમનથી પરિણમે તે સમ્યક્‌શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન છે અને તે જ આત્મા છે. આવા આત્માને જાણતો અનુભવતો–પરિણમતો આત્મા જ દર્શન અને જ્ઞાન છે અને તે જ મોક્ષનો માર્ગ છે. સંસ્કૃતમાં આના ત્રણ અર્થ કર્યા છે : શાશ્વત મોક્ષ, શાશ્વત મોક્ષનો માર્ગ અને શાશ્વત સુખપદ એ ત્રણેય આત્મામાં જ છે. કારણ કે મોક્ષરૂપે પરિણમન તે પણ આત્મા છે અને મોક્ષનો માર્ગ પણ આત્મા છે. આનંદ પણ આત્મા છે. પૂર્ણાનંદની પર્યાયરૂપે પરિણમતો આત્મા જ શાશ્વત મોક્ષસ્વરૂપ છે અને આત્મા જ મોક્ષનો માર્ગ છે. આત્મા જ અતીન્દ્રિય આનંદરૂપે પરિણમતો સ્વયં આનંદરૂપ છે.

આત્મા તો ખરેખર આવો મોક્ષસ્વરૂપ છે પણ મૂઢને તે જાણવામાં આવતો નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણમતો આત્મા જ મોક્ષનો માર્ગ છે કોઈ બીજો મોક્ષનો માર્ગ નથી. કોઈ રાગાદિભાવ મોક્ષના સાધન નથી પણ અહીં ટીકાકાર સાધન તરીકે તેનું નિમિત્તપણું બતાવે છે. જેમ, ૧૭૨ ગાથામાં વીતરાગભાવને જ તાત્પર્ય કહ્યું છે છતાં અમૃતચંદ્રાચાર્યે વ્યવહારરત્નત્રયના વિકલ્પને અવિરોધપણે જેમ છે તેમ બતાવેલ છે તેમ અહીં પણ વ્યવહારરત્નત્રયને નિમિત્તસાધન તરીકે કહેલ છે. આ બધી શૈલી સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય અને તેની અલૌકિક ટીકા જેવી જ શૈલી છે. આ આચાર્યો બધાં આત્મા હતાં, કોઈ પરમાત્મા ન હતાં. તેથી તેમને આવી શાસ્ત્રરચનાનો વિકલ્પ હતો પણ કહે છે કે તે વિકલ્પ અને પુદ્‌ગલના શબ્દોની રચના થઈ તે અમારું કાર્ય નથી. અમે વિકલ્પમાં આવ્યા નથી. અમે તો અમારાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની રચનામાં આવ્યા છીએ.

અરે ! મૂળ વાત તો એ છે કે શુદ્ધ આત્મપદાર્થ કેવો છે એની એને ખબર જ નથી. એ તો કોઈ સાધારણ ચીજ છે એમ માની લીધું છે. તેથી તેની એને કિંમત આવતી નથી. જડ એવા હીરાની કિંમત આવે છે. ચાર–છ લાખનો હીરો જોઈને 'આહાહા...' થઈ જાય છે પણ કિંમત આંકનારની કિંમત આવતી નથી. હીરાને તો ટગ...ટગ જોયા કરશે. પણ આ ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જાણી લે એવા આત્માની સામે નજર પણ કરતો નથી.

ભાવાર્થ :—પાંચ ઇન્દ્રિય અને મનને રોકવું તથા છકાયજીવોની દયા પાળવી એવો ઇન્દ્રિયસંયમ તથા પ્રાણસંયમ આ બંનેના બળથી સાધ્યસાધકભાવથી નિશ્ચયથી પોતાના શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિર હોવાથી આત્માને સંયમ કહેવામાં આવ્યો છે. પાંચ ઇન્દ્રિય અને મનને સંયમમાં રાખવા તે વિકલ્પ છે પણ વ્યવહારથી તે સંયમના બળથી નિશ્ચયસંયમમાં જીવ આવે છે એમ કહેવાય છે. પાંચ ઇન્દ્રિયોનો સંયમ, મનનો સંયમ અને છકાય જીવોની દયાસ્વરૂપ શુભરાગરૂપ સંયમ એ સાધક છે અને શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિર થવું તે સાધ્ય છે. ખરેખર તો આત્માના અતીન્દ્રિય શાંતસ્વરૂપમાં સ્થિર થવું તે જ નિશ્ચયસંયમ છે.

ભૂમિકાના પ્રમાણમાં પાંચ ઇન્દ્રિય અને મનનો અસંયમ તથા છકાયજીવોની હિંસારૂપ અસંયમ આ બાર પ્રકારના અસંયમના ત્યાગનો શુભ વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. તે વ્યવહારસંયમ છે અને તે વિકલ્પથી પણ ખસીને સમ્યક્ પ્રકારે અતીન્દ્રિય આનંદની મૂર્તિમાં પરિણમન થાય છે તે નિશ્ચયસંયમ છે. પોતે તો પોતાના શુદ્ધ ઉપાદાનના બળથી જ પરિણમી રહ્યો છે. સમ્યક્ પ્રકારે અતીન્દ્રિય આત્માનું અવલંબન અને ઇન્દ્રિયનું દમન તે સંયમ છે. પણ તેની સાથે જે પાંચ-ઇન્દ્રિયનું અવલંબન છોડવાનો અને છકાય જીવોની રક્ષાનો જે વિકલ્પ હતો તેને સાધક અથવા નિમિત્ત સાધન કહેવામાં આવે છે.

નિશ્ચય અને વ્યવહાર બંને સાથે હોય છે. નિશ્ચયસંયમ ઘણો આગળ વધી ગયો હોય અને વ્યવહારસંયમ ઓછો હોય એમ કદી બનતું નથી. નિશ્ચયસંયમને અનુરૂપ જ વ્યવહારસંયમ હોય છે તેથી તેને વ્યવહાર સાધક ગણીને નિમિત્ત કહેવામાં આવ્યો છે.

ભગવાન ચૈતન્યબિંબ અનંત મહાગુણનો મેરૂ છે. જેની એક એક શક્તિ આગળ મોટા દરિયા ખાલી થાય એવી એની તાકાત છે.

પ્રભુનો મારગ છે શૂરાનો, નહિ કાયરના કામ જો.

આવા પ્રભુ—પૂર્ણાનંદના નાથનું સમ્યક્ પ્રકારે અંતરમાં પરિણમન થવું તે આત્મસંયમ અથવા આત્માનો સંયમ છે પણ સાથે જે વિકલ્પ છે તે આત્મસંયમ નથી. વિકલ્પ તો અનાત્મરૂપ રાગ છે. પણ વ્યવહારે તેને અનુકૂળ નિમિત્ત ગણીને સાધક કહેવામાં આવ્યો છે. ખરેખર તો આત્માના ગુણોનું નિર્મળ પરિણમન તે જ ખરો સંયમ છે અને સંયમ એ જ મોક્ષનો માર્ગ છે.

જીવે કદી અધ્યાત્મની વાત સાંભળી નથી અને પરિચય કર્યો નથી તેથી મહિમા પણ આવી નથી. 'હું કોણ છું ?' એ વિચાર જ એણે કદી કર્યો નથી. શ્રીમદ્દે કહ્યું ને !

"હું કોણ છું ક્યાંથી થયો!
શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે?
રાખું કે એ પરિહરું?
એના વિચાર વિવેક પૂર્વક, શાંતભાવે જો કર્યાં,
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં."

જુઓ! ૧૬ વર્ષની ઉંમરે શ્રીમદ્દ આવી વિવેકની વાત કરે છે! આત્માની સમજણ કરવા માટે ઉંમરની કે નાત-જાતની કે શરીરાદિની જરૂર નથી.

પૂર્ણાનંદના નાથને અવલંબતી દૃષ્ટિ, તેને અવલંબતું જ્ઞાન અને તેને અવલંબતી સ્થિરતા તે આત્મા છે. તે જ સંયમ છે. વ્યવહારસંયમ કહ્યો છે તે આત્મા નથી. પણ નિશ્ચયસંયમની સાથે શુભરાગરૂપ ઇન્દ્રિય અને મનનો સંયમ તથા છકાય જીવોની દયારૂપ સંયમની ભૂમિકાનું અહીં જ્ઞાન કરાવ્યું છે. એવો વ્યવહાર પણ વીતરાગ શાસન સિવાય બીજે હોતો નથી.

નિશ્ચયસંયમ તો મોક્ષનો મારગ છે અને નિશ્ચયની સાથે રહેલો વિકલ્પ તે વ્યવહારસંયમ છે પણ તે મોક્ષનો માર્ગ નથી, બંધમાર્ગ છે. તેથી વ્યવહારે તેને અનુકૂળ કહેવાય છે છતાં નિશ્ચયથી તો તે પ્રતિકૂળ છે. નિશ્ચયથી પોતાના શુદ્ધાત્મ-સ્વરૂપમાં સ્થિર થવાથી આત્માને સંયમ કહેવામાં આવ્યો છે. વિકલ્પથી ખસીને સ્વરૂપમાં ઠરેલો આત્મા તે સંયમ છે.

શ્રોતા :—...આપની મહેરબાનીથી આવું સાંભળવા મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ આત્માની મહેરબાની છે. અંદરમાં આત્માની મહેરબાની બધામાં પડી જ છે.

આત્મા જ સંયમ છે એ વાત થઈ. હવે આત્મા જ શીલ છે તે કહે છે. બહિરંગ સહકારી નિશ્ચય શીલના કારણરૂપ જે કામ ક્રોધાદિના ત્યાગરૂપ વ્રતની રક્ષા તે વ્યવહારશીલ છે. અને નિશ્ચયથી અંતરંગમાં પોતાના શુદ્ધાત્મદ્રવ્યમાં નિર્મળ અનુભવ તે શીલ છે. માટે શીલરૂપ ખરેખર આત્મા જ છે.

જુઓ! અહીં 'બહિરંગ સહકારી' શબ્દ વાપર્યો છે તે બધામાં લાગુ પાડી શકાય. ઉપરમાં વ્યવહારસંયમના બળથી શબ્દ મૂકયો છે ત્યાં પણ ખરેખર તે બહિરંગ સહકારી કારણ છે. નિશ્ચયની સાથે જ વ્યવહાર છે. પહેલાં વ્યવહાર અને પછી તેનાથી નિશ્ચય થાય છે એમ નથી. સહકારી શબ્દથી તે વાત સિદ્ધ થાય છે. પહેલો વ્યવહાર

હોય અને પછી નિશ્ચય થાય એ વાત 'સહકારી' શબ્દથી ઉડી જાય છે. નિશ્ચય અને વ્યવહાર એક સમયે સાથે જ હોય છે.

શુદ્ધ જ્ઞાનાનંદ વીતરાગ નિર્વિકલ્પ પ્રભુ આત્મા વીતરાગી પર્યાયપણે પરિણમે તે નિશ્ચયશીલ છે. નિશ્ચય શીલ કહો કે સત્યશીલ કહો બંને એક જ છે. એ શીલની સાથે જ રહેલો બાહ્ય વ્રતાદિનો વિકલ્પ તે વ્યવહારશીલ છે. કામ ક્રોધાદિના ત્યાગરૂપ વ્રતનો અને અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિના પાલનરૂપ વ્રતનો વિકલ્પ તે વ્યવહારશીલ છે. આત્માના નિશ્ચયશીલની સાથે બહિરંગ સહકારી કારણરૂપ વ્યવહારશીલ હોય છે. અંતરંગમાં તેનો સાથ નથી. તીવ્ર વિકારરૂપ અશુભરાગ છૂટે છે અને મંદરાગરૂપી શીલ રહે છે તેને બહિરંગ સહકારી કારણ કહેવામાં આવે છે.

વીતરાગ સ્વભાવરૂપ પરિણમન તે અભ્યંતર શીલ છે તે જ સત્યશીલ છે. તેની સાથે વિકલ્પમાં તીવ્ર કામ ક્રોધાદિનો નિષેધ અને મંદરાગનો સદ્ભાવ છે તે નિશ્ચયની સાથે જ હોવાથી તેને બહિરંગ સહકારી કારણરૂપે કહેવામાં આવે છે. એક અભ્યંતર કારણ છે તે નિશ્ચય છે અને બહિરંગ કારણ છે તે વ્યવહાર છે.

ભગવાન આત્મદ્રવ્ય શીલસ્વભાવ છે—અકષાયસ્વભાવ છે, વીતરાગસ્વભાવ છે. તેમાં સ્થિરતારૂપ અભ્યંતર શીલની સાથે વિકલ્પમાં તીવ્ર કામ, ક્રોધાદિ ભાવોનો નિષેધ આવે છે કે આવા તીવ્ર કામ, ક્રોધાદિ મને ન હોય એવો જે મંદરાગ તે વ્યવહારશીલ છે. અશુભના ત્યાગરૂપ મંદરાગ તે, અભ્યંતર શીલની સાથે, બહિરંગ સહકારી-કારણરૂપે હોય જ માટે તેને નિમિત્તકારણ કહેવામાં આવ્યું છે.

આ નિશ્ચય-વ્યવહાર જેમ છે તેમ જાણે નહિ અને આડઅવળુ માની લઈશ તો નહિ ચાલે ભાઈ!

શીલના બે પ્રકાર : (૧) નિશ્ચયશીલ (૨) વ્યવહારશીલ. તેમાં નિશ્ચયશીલ તે આત્મા જ છે. આત્મા એટલે પર્યાયરૂપ આત્મા. વીતરાગ સ્વભાવ તો ધ્રુવ છે તેની સન્મુખનો અરાગી વીતરાગ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનો શીલસ્વભાવ પ્રગટયો તે પર્યાયરૂપી શીલ આત્મા છે. ત્રિકાળ સ્વભાવ તો ધ્રુવ વજ્રમેરુનો થંભ છે તેમાં એકાકાર થવાથી જે વીતરાગતાના ઝરણાં ઝર્યાં—શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન પ્રગટયા તે આત્મશીલ છે. તેની સાથે કામ ક્રોધાદિનાં અશુભરાગનો ત્યાગ અને શુભરાગની ઉત્પત્તિ થાય છે તેને બહિરંગ સહકાર ગણીને વ્યવહારે શીલ કહેવાયો છે. ખરેખર તો તે બંધનું કારણ છે અને આત્મશીલ મુક્તિનું કારણ છે.

આત્મા તો અનાદિ અનંત એકરૂપ ચિદાનંદ સ્વભાવનો પિંડ છે તે કાંઈ

બાળક, વૃદ્ધ કે યુવાન નથી માટે શરીરની બાળ, વૃદ્ધ કે યુવાન ગમે તે અવસ્થા વખતે આત્મા તો પોતાનું જ્ઞાન કરી શકે છે. કોઈ અવસ્થા તેને નડતી નથી. આ વાત તો પહેલાં જ આવી ગઈ છે. આવા અનંત ચૈતન્યસ્વભાવી આત્માને અવલંબીને જ્યારે શુદ્ધતા પ્રગટ થાય તેને સંયમ કહો, શીલ કહો કે મુક્તિનો માર્ગ કહો બધું એક જ છે અને તેની સાથે રહેલાં શુભરાગને બહિરંગકારણ કહેવાય છે તે માત્ર નિશ્ચયની સાથે રહેલાં વિકલ્પનું જ્ઞાન કરાવે છે.

નિશ્ચયથી અંતરંગમાં પોતાના શુદ્ધાત્મદ્રવ્યનો નિર્મળ અનુભવ તે શીલ કહેવાય છે. કોઈ બીજા પરમાત્માનો આશ્રય લેવાનો નથી. પોતે જે દ્રવ્યસ્વભાવે પરમાત્મા છે તેનો આશ્રય લેવાથી પ્રગટ થતો પોતાનો નિર્મળ અનુભવ તે શીલ છે. એ જ નિશ્ચયશીલ છે.

આ સંયમ અને શીલ બે બોલ થયાં. હવે તપની વાત આવી.

**अप्पा तव**—આત્મા જ તપ છે. તપની વ્યાખ્યામાં બહિરંગ સહકારી કારણની વાત પહેલાં લઈને વાત મૂકી છે. બાર પ્રકારના તપ જે અનશન, અવમૌદર્ય, વૃત્તિ-પરિસંખ્યા, રસપરિત્યાગ આદિ છે તે નિશ્ચયતપના સહકારીકારણ છે. બાર તપમાં પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ત, સ્વાધ્યાય, ધ્યાન આદિ છ પ્રકારના તપને અભ્યંતરતપ કહ્યા છે તે પણ નિશ્ચયતપના બાહ્ય સહકારીકારણ છે. નિશ્ચયતપની સાથે બાહ્યસહકારી કારણ રહેલું છે. સાથે રહેલું છે એમ કહ્યું છે તેનો અર્થ કે પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય એમ નથી.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં ટોડરમલજીએ આ બધાં ખુલાસા બહુ સરસ કર્યા છે. શાસ્ત્રના પેટ-મર્મ ખોલી નાખ્યા છે. આત્માના ભાન સહિતનું ભણતર તે જ સાચું ભણતર છે. આત્માના ભાન વગર કોઈ કહે કે અમે બહુ શાસ્ત્ર ભણ્યા છીએ તે ભણતર સાચા નથી. નિશ્ચયની સાથે વ્યવહાર વિકલ્પને દેખીને તેમાં ' કારણ 'નો ઉપચાર કરવામાં આવ્યો છે. ખરેખર વાસ્તવિક કારણ તે નથી.

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત આદિ પણ નિશ્ચયતપના બાહ્ય સહકારીકારણ છે, પુણ્યબંધના કારણ છે. વ્યવહારથી આ બાર પ્રકારના તપથી અને નિશ્ચયથી સર્વ પરદ્રવ્યોની ઇચ્છાને રોકવાથી પરમાત્મસ્વભાવમાં આત્મા પ્રતાપરૂપ સ્થિર થઈ રહ્યો છે. તેમાં જે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે તે નિશ્ચયતપ છે. આત્મા પોતાના સ્વભાવમાં સ્થિર રહ્યો છે અને સમસ્ત વિભાવપરિણામોને જીતી લીધા છે માટે તે આત્મા જ ' તપશ્ચરણ ' છે.

આ સંયમ, શીલ અને તપ ત્રણ બોલ થયાં. વિશેષ કહેવાશે. [ ક્રમશઃ ]

[તા. ૮-૧૧-૯૫]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિસીંના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ : પુરુષો માટે શિક્ષણવર્ગ

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : 'બહેનશ્રીની સાધના અને વાણી' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા વાંચન

બપોરે ૪-૦૦ થી ૪-૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૪-૪૫ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી છહઢાળા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન.

[તા. ૨૪-૧૨-૯૫ થી તા. ૨-૧-૯૬]

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે

## 卐 જૈન ધાર્મિક શિક્ષણવર્ગ 卐

સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મવિદ્યાના પ્રબળ પ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સોનગઢમાં તા. ૨૪-૧૨-૯૫ રવિવાર થી તા. ૨-૧-૯૬ મંગળવાર સુધી દસ દિવસના ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર નિમંત્રણ છે. શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક છે.

## મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :

પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર-નિર્વાણકલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર આસો વદ ૧૧, શુક્રવાર તા. ૨૦-૧૦-૯૫થી આસો વદ અમાસ, મંગળવાર, તારીખ ૨૪-૧૦-૯૫—પાંચ દિવસ સુધી શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીરજિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મ જ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ સાથે ઉજવવામાં આવ્યો હતો. શ્રી મહાવીરનિર્વાણ-વિધિનો લાભ શ્રી પુષ્પાબેન અનંતરાય ગાંધી (હસ્તે બ્ર. વસંતબેન ગાંધી તથા શ્રી અતુલભાઈ ગાંધી) મલાડને પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગે પ્રાસંગિક વિધાન પૂજા :—

૧. રાણપુરનિવાસી (હાલ મુંબઈ) શ્રી ન્યાલચંદભાઈ મણીલાલ ગોપાણી, (સુપુત્ર રાકેશના લગ્નપ્રસંગ નિમિત્તે); ૨. સ્વ. સુલોચનાબેન નાગરદાસ ગાંધી, ભાવનગર; ૩. શ્રી મંજુલાબેન નંદલાલ મહેતા, સોનગઢ; ૪. શ્રી ચુનીલાલ હીરાચંદ દામાણીની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે, (હા. શ્રી અશોકભાઈ), અમદાવાદ

—તરફથી રાખવામાં આવી હતી.

**સુપ્રભાતદિન :** નૂતનવર્ષનો મંગલ સુપ્રભાતદિન કારતક સુદ-૧, મંગળવાર, તા. ૨૪-૧૦-૯૫ પૂજાભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* **કાર્તિકી નંદીશ્વર અષ્ટાહ્નિકા**—કાર્તિક સુદ ૮, મંગળવાર, તા. ૩૧-૧૦-૯૫ થી કાર્તિક સુદ ૧૫, મંગળવાર, તા. ૭-૧૧-૯૫ સુધી નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયમાં 'પંચમેરુ-નંદીશ્વરવિધાનપૂજા', જિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમ સહ સાનંદ ઉજવાયો હતો.

## * પૂજ્ય ગુરુદેવશ્રીનો વાર્ષિક સમાધિદિન :—

આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો પંદરમો વાર્ષિક સમાધિદિન (-ઉપકાર સ્મૃતિદિન) કારતક વદ-૭, મંગળવાર, તા. ૧૪-૧૧-૯૫ના રોજ હતો. આ ગુરુ-ઉપકાર-સ્મૃતિદિન નિમિત્ત તા. ૧૦-૧૧-૯૫, શુક્રવાર થી તા. ૧૪-૧૧-૯૫, મંગળવાર—પાંચ દિવસ સુધી અધ્યાત્મજ્ઞાનવૈરાગ્ય-ભક્તિ-ઉપાસના યુક્ત ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા, જિનેન્દ્ર તેમ જ ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક ટેપપ્રવચનો, વિડિયો-ટેપ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ દર્શન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયોધર્મચર્ચા ઇત્યાદિ ધાર્મિક કાર્યક્રમ પૂર્વક સાદાઈથી ઉજવવામાં આવેલ હતો.

✻ શ્રી કુંદકુંદાચાર્યદેવનો આચાર્યપદારોહણ-દિન—શ્રી સમયસારાદિ પંચ-પરમાગમોના પ્રણેતા પરમ પૂજ્ય ઋષીશ્વર શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્ય-પદારોહણદિન' માગશર વદ ૮, શુક્રવાર, તા. ૧૫-૧૨-૯૫ના રોજ વિશેષ પૂજા ભક્તિ તેમ જ તત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

## ✻ "બહેનશ્રીનો જ્ઞાનવૈભવ" ગ્રન્થ ભેટ-યોજનાના વિષયમાં આવશ્યક સૂચના :— ✻

ગુજરાતી તેમ જ હિન્દી 'આત્મધર્મ'ના ગ્રાહકોને તેમના તરફથી 'આત્મધર્મ'માં છપાયેલ 'ભેટ-કૂપન', પોતાનો ગ્રાહક નંબર, પૂરું એડ્રેસ (સ્પષ્ટ અક્ષરો) સહિત, મુંબઈ, કલકત્તા, મદ્રાસ, રાજકોટ, ભાવનગર, અમદાવાદ, ખંડવા, જામનગર ઇત્યાદિ મોટા શહેરોમાં જ્યાં આપણું વ્યવસ્થિત મુમુક્ષુમંડળ ચાલી રહ્યું છે ત્યા જમા કરાવવાથી આ ગ્રંથ ત્યાંથી પ્રાપ્ત થશે. માટે મોટા શહેરવાળા આત્મધર્મ-ગ્રાહક પોતાના ભેટકૂપન સોનગઢ ન મોકલે, પરંતુ 'આત્મધર્મ'ના આગામી અંકમાં સૂચના આવ્યા પછી, પોતાના મંડળમાં ભેટકૂપન જમા કરાવીને ત્યાંથી 'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' પુસ્તક પ્રાપ્ત કરી લે. "જ્ઞાન-વૈભવ"ની ભેટ-યોજના મુજબ બીજી આવૃત્તિ છપાઈને તૈયાર થતાં ઉક્ત બધા મુમુક્ષુમંડળોને, "આત્મધર્મ"ના ગ્રાહકોની સૂચિની સંખ્યા પ્રમાણે, એકી સાથે મોકલી આપવામાં આવશે. માટે તે ગ્રાહકોને નમ્ર સૂચના છે કે તેઓ પોતાના 'ભેટ-કૂપન' સોનગઢ ન મોકલે, પરંતુ પોતાના મુમુક્ષુમંડળમાં જ જમા કરાવીને ત્યાંથી જ આ ભેટ-પુસ્તક પ્રાપ્ત કરી લે. જે નાના ગામો છે અને ગ્રાહક સંખ્યા ઓછી છે તેઓને જ આ ભેટ પુસ્તક, ભેટ-કૂપન મોકલવાથી, સોનગઢથી મોકલવામાં આવશે. ખાસ ધ્યાન રહે કે ભેટ-યોજનાની બીજી આવૃત્તિ છપાઈને તૈયાર થવામાં સંભવ છે કે થોડો વિશેષ સમય લાગશે. તૈયાર થઈ જતાં ગ્રન્થ તુરત મોકલી આપવામાં આવશે, તેમ જ 'આત્મધર્મ' દ્વારા જાણ કરવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :—

* વિંછીયાનિવાસી (હાલ રાજકોટ) શ્રી ચીમનલાલ તારાચંદ કામદાર (વર્ષ-૮૭) તા. ૨૭-૧૦-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓનું જીવન પૂજ્ય ગુરુદેવશ્રીના સતસમાગમમાં જ વીત્યું હતું. તેઓ વિદ્વાન વાંચનકાર હતા તથા પૂજ્ય ગુરુદેવશ્રીના બહુ જૂના અનુયાયી હતા.

* વિંછીયાનિવાસી રતીલાલ ધનજીભાઈ અજમેરા (વર્ષ-૭૨) તા. ૨૯-૧૦-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

## ❋ મોત માથે ભમે છે ❋

મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે? મરણની વેદના પણ કેટલી હશે? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે, પણ શું તને કોઈ બચાવી શકશે? તું ભલે ધનના ઢગલાં કરે, વૈદ્ય-ડાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલાં સગાસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે? જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ-અનુભૂતિ કરી આત્મારાધના કરી હશે, આત્મામાંથી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ તે પ્રયત્ન કર. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર કર! નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળના આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડ્યાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી? 'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે. જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે.

—પૂજ્ય બહેનશ્રી

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* માર ધડાક પહેલેથી! તું પામર છો કે પ્રભુ છો! તારે શું સ્વીકારવું છે! પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહિ જાય! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભું નહિ રહે! ભગવાન આત્મા—હું પોતે—દ્રવ્યે પરમેશ્વરસ્વરૂપ જ છું એમ જ્યાં પરમેશ્વરસ્વરૂપનો વિશ્વાસ આવ્યો ત્યાં તું વીતરાગ થયા વિના રહીશ જ નહિ. ૭.

* આત્માની પૂર્ણ વીતરાગ દશાને પ્રાપ્ત થયેલાં પરમાત્મા છે તે હું જ છું, કેમ કે હું જ પોતે પરમાત્મા થવાને લાયક છું. યોગીન્દ્રદેવ કહે છે તારે મુક્તિનું પ્રયોજન હોય તો પહેલાં આમ નક્કી કર! કે—"હું જ પરમાત્મા છું." ૮.

* અહો! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડા પડ્યા છે, પરમાત્માનો એટલો ઉલ્લાસ...કે જાણે પરમાત્માને મળવા જતો હોય! પરમાત્મા બોલવતાં હોય કે આવો....આવો....ચૈતન્યધામમાં આવો! આહાહાહા! ચૈતન્યનો એટલો આહ્લાદ અને પ્રહ્લાદ હોય! ચૈતન્યમાં એકલો આહ્લાદ જ ભર્યો છે, એનો મહિમા, માહાત્મ્ય, ઉલ્લાસ, ઉમંગ અસંખ્ય પ્રદેશે આવવો જોઈએ. ૯.

* અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો આ મોક્ષ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એકવાર બીજું બધુંય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે. ૧૦.

ફોન નં. ૩૩૪ "આત્મધર્મ" Regd. No. GBV. 10

## બધેયથી વિમુખ થા □

જીવને અટકવાના અનેક પ્રકાર છે. અટકવાનું શું છે તે વિચાર વિના બેસે નહીં. ક્યાં ભૂલ છે ને હું શું માનું છું? અતીન્દ્રિય આનંદ વિના જે કાંઈ બાહ્ય ક્રિયા છે તેમાં અટકે છે. હું વ્રત પાળું છું, બ્રહ્મચર્ય પાળું છું, વિશેષ જાણપણું છે–ઇત્યાદિ અસંખ્યાત પ્રકારના અટકવાના કારણો છે. પ્રભુ! અનંત કાળે મનુષ્યપણું પામવું મુશ્કેલ છે; એ મનુષ્યપણું તને મળ્યું તો પ્રભુ! દુનિયાની વાત છોડી દે. હું કાંઈક છું એવી દૃષ્ટિ છોડી દે. બધેયથી વિમુખ થા. માત્ર ચૈતન્યદરબારમાં અનંત અનંત શાંતિ ભરી પડી છે તેનું વેદન કર. બીજું બધું છોડીને આનંદકંદ પ્રભુના દરબારમાં જા. —ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઇલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઇલથી) રૂા. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]

A
M
Burdy,
40012